**સુરતના મે. ચોથા એડી. જયુડી.મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં, મું. સુરત**

આંક– ૧ લગત હુકમ.

**<u>ફરીયાદી:–</u>** ધી સ્ટેટ ઓફ ગુજરાત.

વિરૂઘ્ધ

**<u>આરોપી:-</u>**
**<u>ગુન્હો : ઇ.પી.કો. કલમ–188.</u>**

**<u>ઠરાવ</u>**

૧). આ કામની ફરીયાદ હકીકત આરોપીને વાંચી સંભળાવી અને સમજાવવામાં આવેલી છે તેના જવાબમાં આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે. આરોપીએ સ્વખુશીથી ગુન્હાની કબુલાત કરેલ છે જે નહી માનવાને કોઈ કારણ નથી.

૨). આરોપીએ સ્વેચ્છાથી ગુન્હાની કબુલાત કરેલ છે અને કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને દયાની માગણી કરેલ છે અને આરોપી તરફે રજુઆત છે કે તેઓનું આ પ્રથમ ગુન્હો છે અને કુટુબનો ભરણપોષણનો આધાર આરોપી પર છે. તેમજ આરોપીનો કોઇ ગુનાહિત ઇતીહાસ નથી. આ કામના ગુન્હાનુ સ્વરુપ લક્ષમાં લઈ તથા આરોપીએ સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરેલ હોઈ નીચે મુજબનો હુકમ કરુ છું.

૩). કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છીક કબુલાત ઘ્યાને લેતાં તેમજ ગુનાના કામે સજાની જોગવાઇઓ ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

આરોપીને ક્રિ.પ્રો. કોડ કલમ–૨૫૨ અન્વયે **<u>ઇ.પી.કો. કલમ–188</u>** મુજબના ગુનામાં તકસીરવાર ઠરાવી રુા. 200/– રુપિયા **બસો** પુરાનો દંડ અને જો દંડની રકમ ન ભરે તો દિન–૪ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. **વધુમાં** મુદ્દામાલ બાબતે અગાઉ થયેલ હુકમ કાયમ કરવામાં આવે છે, અગરતો સદરહુ મુદામાલ તેની માલીકી બાબતની ખરાઇ કરી નીયમો અનુસાર પોલીસ સ્ટેશનથી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે. તથા કિમતી મુદામાલ જો કોઇ આજ થી છ માસમાં કોઇ કલેઇમ ન કરે તો સરકારે ખાલસા કરવાનો હુકમ કરવામા આવે છે.

**ઠરાવ આજરોજ ખુલ્લી કોર્ટમાં જાહેર કર્યો.**

**તારીખ-11/12/2021.**
**સુરત.**

**(શ્રીમતી ડી. આર. ઠાકુર)**
**ચોથા અધિક. સીવીલ જજ**
**અને જે.એમ.એફ.સી., સુરત.**
**જી.જે.૦૧૨૪૧.**

[પ્રત્યેક આરોપીએ દંડની રકમ રૂ. 200/- ,
અંકે રુપીયા બસો પુરા,
રસીદ નં.-______થી અત્રેની કોર્ટમાં આજરોજ ભરપાઇ કરેલ છે.

તા.-11/12/2021. આસીસ્ટન્ટ / સુપ્રિન્ટેન્ડેન્ટ]